અત્યંત જરુરી.

સમય મર્યાદા:

ક્રમાંક:મ/મશબ/સંશોધન/૨૬૨૫૦
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર ૧૦-બી, સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૧૫/૪/૨૦૦૪.

પ્રતિ,
તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
ગુજરાત રાજ્ય,

વિષય:- શિક્ષક તાલીમ દરમ્યાન શિક્ષકોને હાજર રાખવા બાબત...

ઉપરોકત વિષયના અનુસંધાને આજ્ઞાનુસાર જણાવવાનું કે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ અને કમિશનર કચેરીના સંયુકત ઉપક્રમે શિક્ષકોના તાલીમી કાર્યક્રમો સાથે સાથે ''ઈન્ટેલ'' તાલીમના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. તે સમયગાળા દરમ્યાન એટલે કે તા.૨૫/૫/૦૪ થી તા.૩૦/૫/૦૪ અને તા.૧ જુનથી તા.૯ જુન સુધી ''કર્મયોગી યોજના'' અંતર્ગત ધોરણ-૮ અને ધો.૧૧ના શિક્ષકોને તાલીમી કાર્યક્રમમાં સામેલ કરવાના છે. આ તાલીમી કાર્યક્રમની વિગતવાર નોંધ બિડાણે જોવા વિનંતી છે.

આપ સૌ જાણો છો તે પ્રમાણે નવા શૈક્ષણિક ધોરણ ૮ અને ૧૧ ના નવા અભ્યાસક્રમો અને પાઠ્ય પુસ્તકો બદલાય છે. તેથી તેની જાણકારી લાભાર્થી શિક્ષકોને નવા શૈક્ષણિક સત્રે શાળા ખુલે તે પહેલાં આપવી અત્યંત જરુરી છે. તે માટે આ તાલીમી કાર્યક્રમોનું આયોજન કરેલ છે. તેથી આપનાં જિલ્લાના સંબંધિત શિક્ષકો વેકેશન ગાળા દરમ્યાન સ્થળ પર હાજર રહે તેની વ્યવસ્થા કરવા જણાવવામાં આવે છે. વધુમાં સ્પષ્ટતા કરવાની કે જે શિક્ષકો આ તાલીમી કાર્યક્રમમાં હાજરી આપશે તે શિક્ષકોની મળવાપાત્ર વેકેશન ગાળાની રજા નિયમાનુસાર સર્વિસ બુકમાં જમા કરવાની રહેશે.

ઉપર્યુકત કર્મયોગી તાલીમી કાર્યક્રમ ફરજીયાત હોવાથી કોઈ પણ શિક્ષકોને મુકિત મળવાપાત્ર નથી તેની નોંધ લેશો.

સહી/
(એમ.એમ.શાહ)
સંશોધન શિક્ષણ અધિકારી
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

સહી/
(એસ.બી.માંડલીક)
નાયબ શિક્ષણ નિયામક(માધ્યમિક),
મધ્યાહન ભોજન યોજના અને
શાળાઓની કચેરી,
ગાંધીનગર.